કેસ પ્રાપ્તિ તારીખ : ૧૮–૧૦–૨૦૧૯
કેસ દાખલ તારીખ : ૧૮–૧૦–૨૦૧૯
કેસ નિર્ણિત તારીખ : ૨૩–૧૦–૨૦૧૯
સમયગાળો : વર્ષ માસ દિવસ
– – ૦૫

# <u>દાહોદના મહે. સેશન્સ જજ સાહેબની કોર્ટમા</u>

મુ.દાહોદ
ફોજદારી પરચુરણ અરજી નં.૭૧૩/૧૯
આંકઃ

પ્રફુલકુમાર રાજુભાઈ પરમાર
ઉ.વ.૧૯,ધંધો–ખેતી
રહે.બાવકા, નવાપુરા ફળીયુ
તા.જી. દાહોદ

::: અરજદાર

<u>વિરુધ્ધ</u>

શ્રી સરકાર ::: સામાવાળા

**<u>બાબત</u>** : <u>ક્રિ.પ્રો.કો.ક. ૪૩૯ મુજબની જામીન અરજી.</u>

**<u>ગુનો</u>** :જેસાવાડા પો.સ્ટે.ફસ્ટ ગુના રજી.નં.૩૪/૧૯ ઈ.પી.કો.ક.કલમ ૩૦૨ મુજબ

---

અરજદાર તરફે વિ.વ. શ્રી જી.એમ.રાઠોડ
સામાવાળા તરફે વિ.પી.પી.શ્રી પી.જે.જૈન

---

:: **જ જ મે ન્ટ** ::

(૧) અરજદારે ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૯ મુજબ જેસાવાડા પો.સ્ટે.ફસ્ટ ગુના રજી.નં. ૩૪/૧૯ ઈ.પી.કો કલમ ૩૦૨ મુજબના ગુના અન્વયે તેઓની તા. ૨૭–૦૯–૨૦૧૯ ના રોજ ધરપકડ થયેલ હોઈ અને હાલમા જયુડીશીયલ કસ્ટડીમા હોઈ જામીન ઉપર મુકત થવા માટે આ અરજી કરેલ છે.

(૨) આ કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના અરજદાર/આરોપીએ મરણજનાર તેનો સગો ભાઈ થતો હોઈ અને તેણે આરોપીને બે ઝાપટ મારી કહેલ કે તુ મને લેવા આવેલ નહી તેમ કહી આરોપી અને મરણજનાર ધીરજભાઈ રાજુભાઈ પરમારનાઓ બાથંબાથીથી ઝઘડેલ અને તે દરમ્યાન આરોપીએ મરણજનારે પોતાના ગળામા પહેરેલ કાળી દોરી ખેંચી રાખી મરણ જનારને ગળે ટુંપો દઈ મરણજનારનુ ખુન કરી ગુનો કરેલ છે.

(૩) અરજદારના વિ.વ.શ્રી જી.એમ.રાઠોડની મુખ્ય દલીલ એવી છે કે,આ કામના અરજદાર આ ગુનામા નિર્દોષ છે. આરોપી અને ગુજરનાર બંને સગા ભાઈઓ છે.ફરીયાદી તે આરોપીના કાકા થાય છે. આરોપીનો ઈરાદો પોતાના ભાઈનુ ખુન કરવાનો ન હતો. ગુજરનાર ધીરજભાઈને અગાઉ મોટર સાયકલ સ્લીપ થવાથી ઈજા થયેલી અને ત્યારબાદ આરોપી સાથેની ઝપાઝપીમા વાગી જતા અગાઉની ઈજાના કારણે આ બનાવ બનવા પામેલ છે. ફરીયાદી બનાવ નજરે જોનાર સાહેદ નથી. અરજદાર સામેનો કેસ ચાલીને નિર્ણય આવતા ખુબ જ લાંબો સમય વિતિ જાય તેમ છે. અરજદાર દાહોદ જીલ્લાના સ્થાનીક રહેવાસી છે અને નાસી ભાગી જાય તેમ નથી. અરજદાર/આરોપી તેના ઘરમા એકમાત્ર કમાનાર ઈસમ છે. અરજદાર/ આરોપી ટ્રાયલ વખતે દર મુદતે ના. કોર્ટમા હાજર રહેશે. જેથી અરજદારને યોગ્ય શરતોને આધીન યોગ્ય રકમના જામીન ઉપર મુકત કરવા વિનંતી કરી છે.

(૪) વિ.પી.પી.શ્રી પી.જે.જૈને જામીન અરજીનો સખત વિરોધ કરેલ છે અને પોલીસ પેપર્સ તથા એફીડેવીટ ઉપર આધાર રાખી દલીલ કરેલ છે કે,બનાવ રાત્રીના સમયે બનેલ છે અને આરોપીએ પોતાના ભાઈનુ ગળુ દબાવીને મૃત્યુ નિપજાવેલ છે. ગુજરનારની પી.એમ. નોટ જોતાં પણ શ્વાસ ગુંગળાવવાથી મૃત્યુ નિપજેલાનુ સ્પષ્ટ જણાવેલ છે. આરોપીએ ફરીયાદી અને સાહેદો રૂબરૂ ગુનાની કબુલાત કરેલ છે જે એકસ્ટ્રા જયુડીશીયલ કન્ફેશન ગણી શકાય.અગાઉ મોટર સાયકલ ઉપરથી સ્લીપ થવાથી આંખના ભાગે ઈજા થયેલ હતી. આરોપી સામે ઈ.પી.કો.કલમ ૩૦૨ મુજબના ગંભીર પ્ર કારના ગુનાનો આક્ષેપ છે. જો આરોપીને જામીન મુકત કરવામા આવશે તો ફરીયાદી સાહેદોને ધાક ધમકી આપી પુરાવા સાથે ચેંડા થવાની પણ શકયતા રહેલી છે. આ ગુનાની તપાસ હજુ ચાલું છે. જેથી આ જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરી છે.

(૫) આ કામે બંને પક્ષકારોની દલીલો સાંભળી. પોલીસ પેપર્સ વંચાણે લીધા. આ તબકકે ના. સુપ્રીમ કોર્ટના **અમરમણી ત્રિપાઠી** અને **ગોબર નારાયણા સીંગાલા**ના ચુકાદામા પ્રસ્થાપિત કર્યા મુજબ જામીન અરજી મંજુર અથવા તો નામંજુર કરતી વખતે ગુનાની ગંભીરતા, આરોપીનો રોલ, ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરી મળી આવવાની શકયતા અને પુરાવા સાથે ચેંડા થવાની શકયતા તે હકીકતો ધ્યાને રાખવી જોઈએ. જે ધ્યાને રાખી હાલના કિસ્સામા જોઈએ તો અરજદાર/આરોપી સામે ઈ.પી.કો.ક. ૩૦૨ જેવા ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ છે. અરજદાર/આરોપીએ સામાન્ય ઝઘડામા પોતાના સગા ભાઈનુ ખુન કરેલ છે. સમગ્ર ફરીયાદ અને પોલીસ પેપર્સ વંચાણે લેતા અરજદાર/આરોપીએ ફરીયાદી અને પોતાના કુટુંબી સગા સબંધીઓ આગળ ગુનાની કબુલાત કરેલ છે જે એકસ્ટ્રા જયુડીશીયલ કન્ફેશન છે. અરજદાર/ આરોપી સામે ઈ.પી.કો.ક. ૩૦૨ મુજબનો પ્રથમદર્શનીય કેસ જણાઈ આવે છે. જો અરજદાર/આરોપીને જામીન મુકત કરવામા આવે તો ફરીયાદી અને સાહેદો સગા સંબધી હોઈ ધાક ધમકી આપી ફોડવાની અને પુરાવા સાથે ચેંડા થવાની શકયતા રહેલી છે. અરજદાર/આરોપી સામેના ગુનામા મહત્તમ સજાની જોગવાઈ છે. આ તમામ સંજોગા

અને અરજદાર/આરોપી સામે નોંધાયેલ ગુનાની ગંભીરતા ધ્યાને લેતા ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૩૯ અન્વયે અત્રેની અદાલતને પ્રાપ્ત થયેલ વિવેકબુધ્ધિ અનુસારની સત્તાનો ઉપયોગ અરજદાર/આરોપીની તરફેણમાં કરવો ન્યાયોચિત જણાતુ ના હોય, ન્યાયના વિશાળ હિતમાં આ જામીન અરજી નામંજુર કરતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

અરજદાર/આરોપીની જેસાવાડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૩૪/૧૯ ઈ.પી.કો.ક. ૩૦૨ મુજબના ગુના અન્વયે ક્રિ.પ્રો.કો.ક. ૪૩૯ હેઠળ જામીન મુકત થવાની જામીન અરજી નામંજુર(dismiss) કરવામા આવે છે.

આ હુકમ આજ તા. ૨૩ મી માહે ઓકટોમ્બર સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૩–૧૦–૨૦૧૯
સ્થળ : દાહોદ

**(રસીદા મહંમદી વોરા)**
સેશન્સ જજ
દાહોદ
જજ કોડ નં. GJ00343

CHB